Most IMP for GPSC class-1/2 & other exam

# આંતરરાષ્ટ્રીય સંગઠનો

International Organization

PI (બિનહથિયારી) પરીક્ષાના અભ્યાસક્રમ મુજબ

**1) એશિયા, યુરોપ મુલાકાત સંમેલન (ASEM - Asia, Europe Meeting Summit) :–**

→ ASEM યુરોપ તથા એશિયાના દેશોનું એક અનૌપચારિક સંવાદ સાધતું સંગઠન છે.

→ અહી સધાતા સંવાદોમાં રાજકીય બાબતો, સુરક્ષા સંબંધી બાબતો, વિત્તિય આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક બાબતોનો સમાવેશ થતો હોય છે.

→ ASEMની સ્થાપના 1 માર્ચ 1996ના રોજ બેન્ગકોક (થાઈલેન્ડ)માં થઈ હતી.

→ ASEMના કુલ 53 ભાગીદારો છે તથા ભારત પણ ASEMનો સદસ્ય દેશ છે.

→ ASEMની ચર્ચાઓમાં મુખ્યત્વે 3 બાબતોનો સમાવેશ થાય છે.

1) રાજકીય બાબતો

2) આર્થિક બાબતો

3) સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક બાબતો

**2) આંતરરાષ્ટ્રીય સમુદ્રતળ પ્રાધિકરણ (ISA - International Seabed Authority) :–**

→ સમુદ્રના કાયદાઓ માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઈ.સ 1982માં ઘડાયેલ UNCLOS(UN Convention on the law of the sea) મુજબ ઉપરોક્ત પ્રાધિકરણ આંતરરાષ્ટ્રીય સમુદ્રતળ પ્રાધિકરણની સ્થાપના થઈ હતી.

→ ISAની સ્થાપના ઈ.સ 1994માં થઈ છે.

→ ISAનું સંચાલન જમૈકાના કિંગ્સ્ટન ખાતેથી થઈ રહ્યુ છે.

→ ISAની મુખ્ય જવાબદારી સમુદ્રતળ પર રહેલા ભૌતિક સંશોધનો સાથે સંકળાયેલી આર્થિક બાબતોનું સંચાલન તથા માર્ગદર્શન કરે છે.

→ સંયુક્ત રાષ્ટ્ર(UNO)માં ISAને અવલોકનકતાનો દરજ્જો મળેલો છે.

**3) એશિયા પેસિફિક વેપાર સમજૂતિ (APTA - Asia Pacific Trade Agreement) :–**

→ ઈ.સ 1975માં યુનાટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ પેસિફિક(UN ESCAP) ની પહેલ હેઠળ કરાયેલ એશિયા પેસિફિક

GK Master 9537627593

વેપાર સમજૂતિને <u>'બેન્કોક સમજૂતિ'</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ APTAનો ઉદ્દેશ એશિયા પસિફિક ક્ષેત્રમાં વેપારની સુગમતા ખાતર ટેરિફમાં રાહત ભરી સ્થિતિઓ ઊભી કરવાનો છે.

→ વર્તમાનમાં APTA હેઠળ 6 દેશોનો સમાવેશ થઈ રહ્યો છે, જે નીચે મુજબ છે.

1) ભારત
2) ચીન
3) બાંગ્લાદેશ
4) શ્રીલંકા
5) લાઓસ
6) દક્ષિણ કોરિયા

→ એશિયા પ્રશાંતક્ષેત્રમાં થયેલી આ સૌથી જૂની વેપારની સરળતા ખાતર કરાયેલી સમજૂતિ છે.

→ UN ESCAP જ APTAના સચિવાલયની જવાબદારીઓ સંભાળી રહ્યુ છે.

→ <u>ભારત તથા ચીન</u> બંને એક સાથે કોઈ વેપાર સુગમતા ખાતરની સંધિમાં જોડાયા હોય એવી આ એકમાત્ર કાર્યરત સમજૂતિ છે.

### 4) <u>આફ્રિકી એશિયાઈ ગ્રામ્ય વિકાસ સંગઠન( AARDO - African Asian Rural Development Organization)</u> :–

→ AARDOનું સચિવાલય <u>નવી દિલ્હી</u> ખાતે છે, તેમજ તેની સ્થાપના <u>ઈ.સ 1962</u>માં થઈ છે.

→ આ સંગઠન એક સ્વાયત્ત આંતર સરકારી સંગઠન છે, જેનો મૂળ ઉદ્દેશ <u>એશિયા–આફ્રિકામાંથી ભૂખ, નિરક્ષરતા, માંદગી અને ગરીબીને નાબૂદ</u> કરીને વિકાસ સાધવાનો છે.

→ AARDOમાં વર્તમાનમાં <u>31</u> સદસ્યો જોડાયેલા છે. જે પૈકી ભારત સંગઠનમાં સહયોગ દેનારો પ્રમુખ દેશ છે.

### 5) <u>IRCH (International Regulatory Co-operation for Herbal Medicines)</u> :–

→ IRCHની સ્થાપના <u>વર્ષ 2006</u>માં થઈ હતી.

→ IRCHની જુદી જુદી નિયંત્રક સંસ્થાઓ(નિયંત્રકો)નું બનેલું નેટવર્ક છે, જે <u>WHO</u> દ્વારા તૈયાર કરવામાં આવેલું છે.

→ IRCHનો લક્ષ્ય પ્રાકૃતિક વનસ્પતિ આધારિત દવાઓ તથા ઔષધિઓથી લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા તથા જાળવણી કરવાનો છે.

→ તાજેતરમાં IRCHની <u>9મી</u> બેઠક <u>દિલ્હી</u> ખાતે આયોજીત થઈ હતી.

### 6) <u>સર્ન પ્રયોગ શાળા (CERN - European Organization for Nuclear Research)</u> :–

→ સર્ન પ્રયોગશાળા કણ ભૌતિકશાસ્ત્ર તથા પરમાણું ક્ષેત્રે સંશોધન કરનારી વિશ્વની સૌથી મોટી પ્રયોગશાળા છે.

→ તેની સ્થાપના <u>ઈ.સ 1954</u>માં થઈ હતી. સર્ન પ્રયોગશાળા ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ સીમા નજીક જીનેવા ખાતે આવેલી છે.

→ વર્તમાનમાં CERN સાથે જોડાયેલા પૂર્ણકાલીન સદસ્યોની સંખ્યા <u>22</u> છે. જે પૈકી <u>ઈઝરાયેલ</u> એક માત્ર ગેર યુરોપી સદસ્ય છે.

→ આ ઉપરાંત CERN સાથે <u>4</u> સદસ્યો <u>એસોસિએટ મેમ્બર</u> તરીકે જોડાયેલા છે.

→ <u>નવેમ્બર 2016</u>માં <u>ભારત</u>ને <u>એસોસિએટ મેમ્બર</u>નો દરજ્જો મળ્યો છે.

→ વિશ્વમાં પ્રથમ વખત <u>WORLD WIDE WEB(WWE)</u>નો પ્રયોગ <u>સર્ન પ્રયોગશાળા</u> ખાતે કરવામાં આવ્યો હતો.

GK Master9537627593

→ ભારતને સર્નના એસોસિએટ મેમ્બરનો દરજ્જો મળતા ભારતીય વૈજ્ઞાનિકો, સંશોધકો, શિક્ષક–પ્રોફેસર તથા ઉદ્યોગપતિઓને પરમાણુ ક્ષેત્રે તકો ઊભી થશે.

## 7) ઈસ્લામિક મિલિટ્રી અલાયન્સ ટુ ફાઈટ ટેરેરિઝમ (IMAFT - Islamic Military Alliance to Fight Terrorism) :–

→ મધ્યએશિયા તથા પશ્ચિમી એશિયા 2010 બાદ સતતપણે સંઘર્ષોના મેદાન સમાન બની ચૂક્યા છે.

→ ઈરાક તથા સીરિયાના ક્ષેત્રમાં રચાયેલા આતંકી સંગઠન ‘ઈસ્લામિક સ્ટેટ ઈન ઈરાક એન્ડ સીરિયા’(ISIS) આ અમાનવીય પ્રકોપથી વિશ્વભરમાં આતંકીભયનો માહોલ છવાયો હતો.

→ એ સ્થિતિમાં સાઉદી અરબ દ્વારા ડિસેમ્બર 2015માં ઈસ્લામિક સ્ટેટ તથા અન્ય આતંકી સમૂહોનો સામનો કરવા માટે ઉપરોક્ત સૈન્ય સંગઠન ઈસ્લામિક મિલિટ્રી અલાયન્સ ટુ ફાઈટ ટેરેરિઝમની સ્થાપના કરી હતી.

→ આ સૈન્ય સંગઠનમાં કુલ 39 દેશોએ ભાગીદારી નોંધાવી છે, તેમજ તેનું કમાન્ડ સેન્ટર **રિયાધ** ખાતે આવેલું છે.

→ આ સૈન્ય સંગઠન સુરક્ષા ક્ષેત્રે સહયોગ સ્થાપીત કરવા માટે ટ્રેનિંગ, સાધનો વગેરે પુરુ પાડે છે.

→ પાકિસ્તાનના ભૂતપૂર્વ સેના પ્રમુખ રાહીલ શરિફને IMAFT ના પ્રમુખ બનાવવામાં આવેલા છે.

## 8) આંતરરાષ્ટ્રીય રસી સંસ્થા (International Vaccine Institute) :–

→ આંતરરાષ્ટ્રીય રસીકરણ સંસ્થાની સ્થાપના ઈ.સ 1997માં થઈ હતી. તેનું મુખ્યાલય દક્ષિણ કોરિયાના સિઓલ ખાતે આવેલું છે.

→ IVIનું મુખ્ય કાર્ય અસરકારક રસીઓ વિકસાવીને બજારમાં લાવવાનું છે, જેનાથી જુદા–જુદા રોગોથી પ્રભાવિત લોકો, વિશેષ કરીને બાળકોને સુરક્ષિત રાખી શકાય.

→ IVIની શરૂઆત સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)ની એક પહેલ તરીકે થઈ હતી.

→ પણ ઈ.સ 1997માં તેને એક સ્વતંત્ર સંસ્થાનો દરજ્જો મળ્યો.

→ વર્તમાનમાં IVI સાથે 40 દેશો જોડાયેલા છે. વિકાસશીલ દેશોને આ સંસ્થા વડે ઘણી મદદ મળી છે.

→ તાજેતરમાં જ કેન્દ્રિય કેબિનેટ દ્વારા ભારતની સાથેની પૂર્ણકાલીન સદસ્યતાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. તે સાથે જ ભારત નું પૂર્ણકાલીન સદસ્ય બન્યું છે.

→ આ પહેલની સાથોસાથ ભારત IVIને પ્રતિવર્ષે US $ 5,00,000ની સહાયતા આપવી પડશે.

## 9) અફઘાનિસ્તાન–પાકિસ્તાન સીમાપારીય વેપાર સમજૂતિ (APTTA - Afghanistan-Pakistan Trade Agreement) :–

→ ભારતના પાડોશી દેશો અફઘાનિસ્તાન તથા પાકિસ્તાન વચ્ચે વર્ષ 2010માં વસ્તુઓ(goods)ના સીમાપારિય પરિવહન માટેની દ્વિપક્ષીય સમજૂતિ થયેલી છે.

→ આ સમજૂતિ હેઠળ બંને દેશો પરસ્પર નક્કી કરાયેલા પરિવહન ક્ષેત્રે રહેલા એરપોર્ટ, રેલવે, રસ્તાઓ અને બંદરનો ઉપયોગ કરી શકે છે.

→ આ સમજૂતિ મુજબ અફઘાનિસ્તાનના ટ્રક વાઘા બોર્ડર (પાકિસ્તાન)ના માધ્યમથી ભારત સુધી વસ્તુઓની નિકાલ કરી શકે છે.

→ અફઘાનિસ્તાન વાઘા બોર્ડર(પાકિસ્તાન)ના માધ્યમથી ભારતમાંથી વસ્તુઓની આયાત કરી શકતું નથી.

## 10) કોન કલેવ (CLMV) :–

→ CLMV એટલે ભારતી પૂર્વમાં આવેલ ચાર દેશો કંબોડિયા, લાઓસ, મ્યાનમાર તથા વિયેતનામનો સમૂહ.

GK Master 9537627593

→ ભારત તથા CLMV વચ્ચે ઉદ્યોગના અનુસંધાને વાર્ષિક બેઠકોના આયોજન થઈ રહ્યા છે.

→ દક્ષિણ પૂર્વ એશિયાઈ ક્ષેત્રોમાં CLMV સંયુક્ત રીતે ઈન્ડોનેશિયા તથા થાઈલેન્ડ બાદ ત્રીજા ક્રમાંકને અર્થવ્યવસ્થા છે.

→ ભારતની પૂર્વ એશિયા તરફની 'ACT EAST POLICY' મુજબ ભારત પૂર્વ એશિયાના દેશોમાં રોકાણ તેમજ આર્થિક આદાન–પ્રદાન માટે સંક્રિયતા દાખવી રહ્યુ છે, એ સંજોગોમાં ભારત CLMV આર્થિક સંબંધો ઘણા સહયોગી સાબિત થશે.

**11) ઈન્ટરનેશનલ સ્માર્ટ ગ્રિડ એક્શન નેટવર્ક (ISGAN) :–**

→ આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (IEA) હેઠળ કરાયેલ સમજૂતિ મુજબ 25 દેશોનું આ નેટવર્ક તૈયાર કરવામાં આવેલ છે.

→ આ નેટવર્કમાં રહેલા 25 દેશો વિશ્વના જુદા–જુદા ખંડોના સદસ્ય દેશો છે ભારત ISGANના સંસ્થાપક સદસ્યો પૈકીનું એક છે.

→ આ નેટવર્કનો ઉદ્દેશ સ્માર્ટ ગ્રિડ સિસ્ટમ વિકસાવીને ઊર્જાના વ્યયને અટકાવવો તથા ઊર્જાની કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે.

→ કોઈપણ દેશ માટે ISGANની સદસ્યતા મેળવવી સ્વૈચ્છિક છે.

→ ISGAN તાજેતરમાં ચર્ચામાં એટલે આવ્યું કારણ કે તેની 13મી કાર્યકારી સમિતિની બેઠક ભારતના ગુરુગામ ખાતે આયોજિત થઈ હતી.

**12) ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) :–**

→ આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થતી સમસ્યાઓના કારણે લોકોના જીવન સામે ખતરા ઊભા થતા હોય છે. પરિણામે આ લોકો પોતાનો જીવ બચાવવા માટે સુરક્ષિત સ્થાનો તરફ પ્રયાણ(માઈગ્રેશન) કરતા હોય છે. આ પ્રકારના સ્થળાંતરોથી એ લોકોની મૂળભૂત જીવનજરૂરિયાતો જેમકે ખોરાક, પાણી, રહેઠાણ, દવાઓ, કપડા વગેરેના પ્રશ્નો ઊભા થતા હોય છે.

→ ઉપરોક્ત સંગઠન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન સ્થળાંતરી લોકોની સુરક્ષા માટે ઊભું કરાયેલું સંગઠન છે.

→ તેની રચના સંયુક્ત રાષ્ટ્ર મહાસંઘ દ્વારા મંજૂર કરાયેલા પ્રસ્તાવને અનુલક્ષીને કરવામાં આવી છે.

→ IOM એક આંતર સરકારી સંગઠન છે જે અન્ય આંતર સરકારી, સરકારી તેમજ બિન–સરકારી સંગઠનો સાથે મળીને કામ કરે છે.

→ તેનું મુખ્યાલય સ્વિત્ઝરલેન્ડના જિનીવા ખાતે આવેલું છે. સંગઠનની સ્થાપના ઈ.સ 1951માં થઈ હતી. તે સમયે દ્વિતીય વિશ્વયુધ્ધ બાદ સ્થળાંતરિત લોકોના અધિકારોના પ્રશ્નો ઉપસ્થિત થવા લાગ્યા હતા.

→ ઈ.સ 1992માં IOMને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કાયમ માટે અવલોકન કર્તા તરીકેનો દરજ્જો મળેલો છે.

→ ભારતના IOMના 165 સદસ્ય દેશોમાં સ્થાન ધરાવે છે.

**13) હાર્ટ ઓફ એશિયા સંમેલન (Heart of Asia Conference) :–**

→ ઈ.સ 2011માં શરૂ થયેલી હાર્ટ ઓફ એશિયા પહેલને 'ઈસ્તુબંલ પ્રક્રિયા'ના નામે પણ ઓળખવામાં આવે છે.

→ આ પહેલનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાન છે. અફઘાનિસ્તાન સતત અસ્થિર રહેલી રાજકીય સ્થિતિઓથી અફઘાનિસ્તાન સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિઓ ઘણી અસ્થિર થવા પામી છે.

→ અફઘાનિસ્તાનના વર્તમાનને આ સ્થિતિમાંથી મુક્તિ અપાવીને તેની ભાવિ પેઢીને એક ઉજ્જવળ ભવિષ્ય

GK Master 9537627593

આપી શકાય તેવા ઉદ્દેશથી હાર્ટ ઓફ એશિયા સંમેલનના આયોજન થઈ રહ્યા છે.

→ આ પહેલામાં ભાગ લઈ રહેલા 14 દેશોમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, અઝરબૈઝન ચીન, ભારત, કઝાખસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા, સાઉદી અરબ, તાઝિકિસ્તાન, તૂર્કિ, તૂર્કમેતિસ્તાન અને સંયુક્ત આરબ અમિરાત(UAE)નો સમાવેશ થાય છે.

→ હાર્ટ ઓફ એશિયા સંમેલનની હંમેશા 2 દેશો દ્વારા સહ અધ્યક્ષતા કરવામાં આવે છે. જેમાં એક દેશ અફઘાનિસ્તાન પોતે હોય છે અને બીજો દેશ મેજબાન દેશ હોય છે કે જ્યાં હાર્ટ ઓફ એશિયા સંમેલનનું આયોજન થઈ રહ્યુ હોય.

→ અત્યાર સુધીમાં હાર્ટ ઓફ એશિયાના 6 સંમેલનો આયોજિત થઈ ચૂક્યા છે, જે નીચે મુજબ છે.

| ક્રમ. | વર્ષ | સ્થળ |
|---|---|---|
| 1 | 2011 | ઈસ્તુંબલ (તૂર્કિ) |
| 2 | 2012 | કાબૂલ (અફઘાનિસ્તાન) |
| 3 | 2013 | અલ્માટી (કઝાખસ્તાન) |
| 4 | 2014 | બીજીંગ (ચીન) |
| 5 | 2015 | ઈસ્લામાબાદ (પાકિસ્તાન) |
| 6 | 2016 | અમૃતસર (ભારત) |

→ અત્યાર સુધીનું અંતિમ સંમેલન ભારતના અમૃતસર ખાતે આયોજિત થયું હતું. જેમાં આતંકવાદને શાંતિ તથા સુરક્ષા માટે સૌથી મોટા ખતરા સમાન ગણવામાં આવ્યો. આ ઉપરાંત ડ્રગ્સ તથા નશાકારક પદાર્થો પર કડક પ્રતિબંધો લગાડવા માટે પણ ચર્ચાઓ થઈ હતી.

## 14) કોમનવેલ્થ ઓફ નેશન્સ (રાષ્ટ્રકુળ) (Commonwealth of Nations) :-

→ રાષ્ટ્રકુળ દેશો અથવા બ્રિટીશ રાષ્ટ્રકુળના દેશો 53 એવા સદસ્યોથી બનેલું એવું સંગઠન છે કે જેઓ એક સમય બ્રિટીશ સરકારના ઉપનિવેશી શાસન હેઠળ હતા.

→ આ બધા દેશો બ્રિટીશ સરકાર દ્વારા કરાયેલી સંપ્રભુતાની જાહેરાત(આઝાદી)થી રાજકીય એકમ તરીકે સ્વતંત્ર અસ્તિત્વમાં આવ્યા અને ત્યાંના લોકોની સ્વ સરકારો રચાઈ હતી.

→ કોમનવેલ્થના દેશો 'સ્વતંત્ર અને સમાન છે' તથા કોમનવેલ્થની પ્રમુખ વ્યક્તિ **બ્રિટનની મહારાણી એલિઝાબેથ-2** છે.

→ કોમનવેલ્થના સદસ્ય દેશો પરસ્પર રીતે કોઈ જવાબદારીઓથી બંધાયેલા નથી. તેમની વચ્ચે જોડાણ સમાન ભાષા, સંસ્કૃતિ, ઈતિહાસ, શાસન વ્યવસ્થા કે કાયદાના શાસન જેવા સિધ્ધાંતોના કારણે હોય શકે.

→ કોમનવેલ્થમાં જોડાયેલા છેલ્લા 2 દેશો રવાન્ડા અને મોઝામ્બિક છે.

→ આ ઉપરાંત બ્રિટીશ મેન્ટેડ હેઠળના કેટલાક દેશો કોમનવેલ્થના સદસ્યો નથી પણ બનેલા જેમ કે ઈજિપ્ત, સુદાન, ઈરાક, ઓમાન, કુવૈત, બહેરિન, કતાર UAE વગેરે.

→ 13 ઓક્ટોબર 2016ના રોજ માલદિવે કોમનવેલ્થની સદસ્યતા છોડી છે.

## 15) બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, નેપાળ પહેલ (Bangladesh, Bhutan, India, Nepal Initiative) :-

→ BBIN દક્ષિણ એશિયાઈ ઉપક્ષેત્રિય પ્રકારની વિશેષ પહેલ છે.

→ ભૂટાનના થિમ્પૂ ખાતે 15 જૂન 2016ના રોજ માટેના હસ્તાક્ષરો થયા હતા.

→ આ પહેલ હેઠળ ચારેય દેશો સીમાપારીય પેસેન્જર તેમજ માલવાહક વાહનોના પરિવહન માટે સહમત થયા હતા.

→ ભારતે અગાઉ નેપાળ તથા બાંગ્લાદેશ સાથે દ્વિપક્ષીય મોટર વિહિકલ સમજૂતીઓ કરેલી છે.

GK Master 95376 27593

→ તાજેતરમાં BBIN પહેલ હેઠળ એક બદલાવ આવવા તરફ જઈ રહ્યો છે. BBIN સાથે જોડાયેલું 'ભૂટાન' પર્યાવરણીય બાબતોને ધ્યાનમાં રાખીને BBINથી અલગ થવાનો વિચાર રજૂ કરી રહ્યું છે.

## 16) **બાંગ્લાદેશ, ચીન, ભારત, મ્યાનમાર આર્થિક ગલિયારો (Bangladesh, China, India, Myanmar, economic corridor - BCIM)** :–

→ BCIM ઉપક્ષેત્રિય આર્થિક ગલિયારો છે જેમાં મલ્ટી મોડલ કોરિડોરનો વિકાસ કરવામાં આવશે.

→ BCIM હેઠળ ભારત અને એક્સપ્રેસ–વેથી જોડવામાં આવશે જે ભારતના કોલકતાને ચીનના યુનાન પ્રાંતના કુનમિંગ શહેર સાથે જોડાશે.

→ આ એક્સપ્રેસ વે બાંગ્લાદેશ તથા મ્યાનમારમાંથી પસાર થશે.

→ BCIM આર્થિક ગલિયારાથી ઉપક્ષેત્રની આર્થિક પ્રવૃતિઓને વેગ મળશે. પરિવહન આધારભૂત માળખા અને ઔદ્યોગિક ક્ષેત્રોના વિકાસ થશે.

→ આ ઉપરાંત વસ્તુઓ, સેવાઓ અને વ્યક્તિઓની સીમા પારીય આવજા સરળ બનશે.

## 17) **બિન જોડાણવાદી આંદોલન (Non-Aligned Movement - N.A.M)** :–

→ દ્વિતીય વિશ્વયુધ્ધ બાદ વિશ્વ રાજનીતિ હેઠળ ઉદ્દભવેલા શીતયુધ્ધ (COLD WAR) દરમિયાન બિન જોડાણવાદી આંદોલનની શરૂઆત થઈ હતી.

→ આંતરરાષ્ટ્રીય સંબંધોના વિશ્લેષકોના મતે 'બિનજોડાણવાદ' શબ્દના સૌપ્રથમ પ્રયોગકર્તા ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ હતા.

→ બિન જોડાણવાદી આંદોલનનો વિચાર વાસ્તવમાં અમલી બનનાર વ્યક્તિત્વોમાં તત્કાલીન ભારતીય વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ સુકર્ણો, ઈજીપ્ત(મિશ્ર)ના રાષ્ટ્રપ્રમુખ ગમાલ અબ્દેલ નાસેર, ઘાનાના રાષ્ટ્રપ્રમુખ વામે એનક્રુમા તથા યુગોસ્લાવિયાના રાષ્ટ્રપતિ જોસિફ બ્રોઝ ટિટોનો સમાવેશ થાય છે.

→ NAMની પ્રથમ બેઠક ઈ.સ 1961માં બેલ્ગ્રેડમાં આયોજિત થઈ હતી.

→ ઈ.સ 2016માં NAMની અત્યાર સુધીની અંતિમ તથા 17મી બેઠક વેનેઝુએલાના 'માર્ગારિટા દ્વિપ' ખાતે આયોજિત થઈ.

→ કુલ 120 દેશ જોડાયેલા છે.

## 18) **મર્કોસર MERCOSUR** :–

→ મર્કોસર લેટિન અમેરિકી દેશોનું એક ઉપક્ષેત્રિય(Sub Regional) સમૂહ છે. જેના પૂર્ણ કાલીન સદસ્યોમાં અર્જેન્ટિના, બ્રાઝિલ, પેરુગ્વે તથા ઉરુગ્વેનો સમાવેશ થાય છે.

→ થોડા સમય પૂર્વે મર્કોસર સમૂહમાંથી વેનેઝુએલાને દૂર કરવામાં આવ્યું છે. કારણ કે વેનેઝુએલા દ્વારા સંગઠનના પાયાગત ધારા–ધોરણોનું પાલન કરવામાં આવતું ન હતું તેમજ ઉપક્ષેત્રિય સમૂહના લોકતાંત્રિક સિધ્ધાંતોનું પણ વેનેઝુએલા દ્વારા ઉલ્લંઘન થતું હતું.

→ આ ઉપરાંત મર્કોસર સાથે લેટિન અમેરિકાના અન્ય દેશો પણ એસોસિએટ સદસ્યો તરીકે જોડાયેલા છે. જેમાં બોલિવિયા, ચિલી, પેરુ, કોલોમ્બિયા, ઈક્વાડોર તથા સૂરિનામનો સમાવેશ થાય છે.

→ મર્કોસર સંગઠનની સ્થાપના ઈ.સ 1991માં થઈ હતી. તથા તેનું વડુંમથક ઉરુગ્વેના મોન્ટેવિડીયો ખાતે આવેલ છે.

→ મર્કોસરનો ઉદ્દેશ સદસ્ય દેશોના મુક્ત વેપારની સ્થિતિ સ્થાપીને કરવાની છે. તેમજ લોકો, વસ્તુઓ અને ચલણનું વહન સરળ બનાવવાનો છે.

→ આ સંગઠનના સૌથી પ્રમુખ દેશ બ્રાઝિલે ભારતને દક્ષિણ અમેરિકી ક્ષેત્રમાં વાણિજ્ય તેમજ બહુપક્ષીય રસ વધારવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

GK Master 95376 27593

**19) આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાલય (International Criminal Court - ICC) :–**

→ આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાલય (ICC) આંતર સરકારી સંગઠન છે તેમજ આંતરરાષ્ટ્રીય પ્રાધિકરણ તરીકે હેગમાં તેની બેઠક છે.

→ આંતરરાષ્ટ્રીય સ્તરના માનવસંહાર, માનવતા વિરુધ્ધના અપરોધો અને યુધ્ધ સમય દરમિયાન આચરેલી બાર્બરતા બદલ ICC દ્વારા કોઈ વ્યક્તિ(તાનાશાહ/શાસક) વિરુધ્ધ પણ સુનવણી થઈ શકે છે.

→ જ્યારે કોઈ દેશની રાષ્ટ્રીય અદાલત દ્વારા કોઈ તપાસ અવગણવામાં આવી હોય તો આવી ઘટનાઓની તપાસ ICC દ્વારા થઈ શકે.

→ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) દ્વારા કરાયેલ નિર્દેશ મુજબ પણ કોઈ ઘટનાની તપાસ ICC દ્વારા થઈ શકે છે.

→ જુલાઈ 1998માં થયેલી રોમ સંધિ (Rome Statute) દ્વારા ICCની સ્થાપના થઈ, આ સમજૂતિ જુલાઈ 2000થી લાગુ થઈ છે.

→ વર્તમાનમાં ICCના 124 સદસ્યો દેશો છે.

→ રશિયા ઈ.સ 2000માં ICCનું સદસ્ય બન્યું હતું પણ તાજેતરમાં જ તેને કાઢવામાં આવ્યું છે.

**20) પરમેંનન્ટ કોર્ટ ઓફ આર્બિટ્રેશન (Permanent Court of Arbitration - PCA) :–**

→ આ એક વિશેષ પ્રકારની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે કે જે વિવાદો અને સમસ્યાઓના ઉકેલ માટે કાર્યરત બને છે.

→ PCAની સ્થાપના ઈ.સ 1899માં નેધરલેન્ડના શહેર હેગમાં થઈ હતી.

→ PCA કોઈ ન્યાયાલય નથી, તેથી તેના કોઈ કાયમી ન્યાયાધિશો પણ નથી.

→ PCA કાયમી નોકરશાહી (Permanent Bureaucracy) છે, જે રાજ્યો વચ્ચે, આંતર સરકારી સંગઠનો વચ્ચેના કે પછી આંતરરાષ્ટ્રીય સમજૂતિ હેઠળના ખાનગી સંસ્થાઓના વિવાદોનો ઉકેલ લાવવા માટે રચાતા પ્રાધિકરણોને સહયોગ કરે છે.

→ ભૂસીમા વિવાદો,સમુદ્રી સીમા વિવાદો,રાષ્ટ્રોની સંપ્રભુતા,માનવાધિકારો, આંતરરાષ્ટ્રીય રોકાણ અને વેપાર સંબંધી વિવાદોનો ઉકેલ લાવવાની કામગીરી PCA કરી શકે છે.

→ PCA એ UNOની એજન્સી નથી.

**21) ઓસ્ટ્રેલિયા સમૂહ (Australia Group) :–**

→ રાસાયણિક તથા જૈવિક હથિયારોના વધતા ઉપયોગ અને ખતરાને ટાળવા માટે ઈ.સ 1985માં ઓસ્ટ્રેલિયા સમૂહની રચના થઈ.

→ ઈ.સ 1984માં ઈરાક દ્વારા રાસાયણિક હથિયારના કરાયેલા ઉપયોગ બાદ તાત્કાલિક અસરથી ઓસ્ટ્રેલિયાની પહેલથી આ સમૂહની રચના થઈ. જેનો મૂળ ઉદ્દેશ એવા રસાયણો અને ઘટકો પર પ્રતિબંધો લાદવાનો છે કે જેના વડે રાસાયણિક કે જૈવિક હથિયારો બનાવી શકાતા હોય.

→ આ સમૂહમાં 42 સદસ્યો છે તથા તેનું સચિવાલય ઓસ્ટ્રેલિયામાં આવેલું છે.

→ ભારત ઓસ્ટ્રેલિયા સમૂહનું સદસ્ય નથી.

**22)વાસેનારસમજૂતિ(Wassennar Arrangement) :–**

→ પરંપરાગત હથિયારો તથા યુધ્ધ અને સામાન્ય વ્યવહારોમાં વપરાતા સાધનો અને ટેકનોલોજીની નિકાસ પર નિયંત્રણ રાખવા માટે વાસેનાર સમજૂતિ અસ્તિત્વમાં આવી.



GK Master9537627593

→ વાસેનાર સમજૂતિ એ શીતયુધ્ધ દરમિયાન બહુપક્ષીય નિકાસ નિયંત્રણ સમિતિનું જ નવું સ્વરૂપ છે. શીતયુધ્ધ દરમિયાન CO coordinating committee for multilateral export controls-Cocom દ્વારા હથિયારોની આપ–લેની નોંધ રખાતી અને નિયંત્રણ ધારા ધોરણો તૈયાર કરતા.

→ શીતયુધ્ધની સમાપ્તિ બાદ ઈ.સ 1996માં નેધરલેન્ડના વાસેનાર ખાતે એક સમજૂતિ થઈ, જેને વાસેનાર એરેન્જમેન્ટ કહે છે.

→ આ સમજૂતિના વહીવટ વ્યવસ્થા માટે ઓસ્ટ્રેલિયાના વિયેના ખાતે સચિવાલય બનાવેલ છે.

→ હાલમાં વાસેનાર સમજૂતિ 41 દેશોએ સ્વીકારેલી છે.

→ ભારત વાસેનાર એગ્રીમેન્ટનું સદસ્ય નથી.

**23) મિસાઈલ ટેકનોલોજી કંટ્રોલ રિજીમ (Missile Technology Control Regime-MTCR) :–**

→ બેલેસ્ટિક મિસાઈલ તથા અન્ય માનવરહિત ડિલિવરી સિસ્ટમ(દા.ત. ડ્રોન) કે જેનો ઉપયોગ રાસાયણિક, જૈવિક કે પરમાણુ હૂમલા માટે થઈ શકે તેમ હોય તેના પર નિયંત્રણ(સીમા મર્યાદા) માટે ઈ.સ 1987માં Ge-7 દેશો દ્વારા MTCRની સ્થાપના થઈ હતી.

→ દેશોમાં સંયુક્ત રાજ્ય અમેરિકા, કેનેડા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઈટલી તથા જાપાનનો સમાવેશ થાય છે.

→ MTCRમાં વર્તમાનમાં કુલ 35 સદસ્યોનો સમાવેશ થાય છે.

→ ભારત જૂન, 2016મા MTCR મા જોડાનારો સૌથી છેલ્લો(35મો) સદસ્ય દેશ બન્યો છે.

→ MTCRના સદસ્ય દેશો MTCRના સદસ્ય ન હોય તેવા અન્ય દેશોને વધુમાં વધુ 300 કિ.મી. સુધીની મારકક્ષમતા ધરાવતી મિસાઈલ ટેકનોલોજી હસ્તાંતરિત કરી શકે છે.(ઉદાહરણ : રશિયાએ ભારતને આપેલી ક્રુઝ મિસાઈલ ટેકનોલોજીના આધારે બનાવેલી બ્રહ્મોસની મારક્ષમતા 290 કિ.મી સુધી છે.)

→ માનવરહિત ડિલિવરી સિસ્ટમ(જેમ કે ડ્રોન) ટેકનોલોજી વધુમાં વધુ 500 કિ.ગ્રા. સુધીની ક્ષમતા સુધી જ હસ્તાંતરિત થઈ શકે છે.

→ ભારતના પાડોશી દેશો પાકિસ્તાન તથા ચીન MTCRના સદસ્યો નથી.

**✳ ભારતને મળેલી સદસ્યતાનું મહત્વ :**

→ MTCRમાં સદસ્યતા મળવાથી વિશ્વસ્તરે ભારતની વિશ્વાસનીયતામાં વધારો થયો છે. તેના પરિણામે ભારતનીમાં સદસ્યતાની દાવેદારી પણ મજબૂત બની શકે.

→ ભારતને નવી મિસાઈલ ટેકનોલોજી તથા ડ્રોન ટેકનોલોજી મળી શકશે અને આવનારા વર્ષોમાં સ્વનિર્ભરતા કેળવીને સંરક્ષણક્ષેત્રે ખર્ચ ઘટાડી શકાશે.

**24) પરમાણુ આપૂર્તિકર્તા સમૂહ (Nuclear Supplier Group-NSG) :–**

→ NSG પરમાણુ અપ્રસાર સાથે સંકળાયેલ પરમાણુ ટેકનોલોજી તથા પરમાણુ ઈંધણની નિકાસ કરનારા દેશોથી બનેલું એક બહુરાષ્ટ્રીય સંગઠન છે.

→ NSGની સ્થાપના ઈ.સ 1974માં ભારત દ્વારા કરવામાં આવેલ પ્રથમ પરમાણુ પરિક્ષણ(પોખરણ–1) બાદ એ જ વર્ષે કરવામાં આવી હતી.

→ NSGના સદસ્યો અરસ પરસ રીતે અતિ આધુનિક તથા વધુ કાર્યક્ષમ ટેકનોલોજી અને પરમાણુ ઈંધણની આપ–લે કરી શકે છે.

→ વર્તમાનમાં NSGમાં 48 સદસ્યો છે તથા NSGના નિર્ણયો બહુમતીના સ્થાને સર્વસંમતિથી લેવાતા હોય છે.

GK Master 95376 27593

→ NSGની સદસ્યતાથી કોઈ દેશને થનારો લાભ આ મુજબ છે.

1) સમય સાથે બદલાતા પરિદ્રશ્યમાં પરમાણુક્ષેત્રની માહિતીઓ મેળવી શકાય.

2) સંશોધનથી મળનારા તારણોનો લાભ મેળવી શકાય.

3) એડવાન્સ ટેકનોલોજીનો લાભ મેળવી શકાય.

→ ભારતની પરમાણુઊર્જા તેમજ વિકાસ માટે જરૂરી ઊર્જા બદલ ભારતને આધુનિક પરમાણુ ટેકનોલોજી તથા અતિ સંવધિત ઈંધણની જરૂર છે. તેથી ભારત ઘણા વર્ષોથી NSGની સદસ્યતા ઝંખી રહ્યુ છે એટલે કે, ભારત વર્તમાનમાં NSGનું સદસ્ય નથી.

→ NSGના સદસ્ય બનવા માટે ભારતે NSGના તમામ દેશોની સહમતી જરૂરી બને છે, પણ ચીન એ બાબતે સહમત થતું ન હોવાથી ભારતને NSGની સદસ્યતા મળતી નથી.

### 25) હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોનું ડ્રગ્સ તસ્કરી વિરુદ્ધ મંત્રીસ્તરીય સંમેલન :-

→ નવેમ્બર 2016માં શ્રીલંકાના કોલમ્બો ખાતે હિંદમહાસાગરક્ષેત્રના દેશોએ ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા માટે ઉચ્ચસ્તરીય મંત્રીસ્તરીય મુલાકાતનું આયોજન કર્યું હતું.

→ મુલાકાતમાં ભાગ લેનારા દેશોના પ્રતિનિધિઓએ હિંદ મહાસાગર ક્ષેત્રને ડ્રગ્સ ફ્રી ઝોન બનાવવાનો સંકલ્પ દોહરાવ્યો હતો.

→ મુલાકાતના અંતે કોલમ્બો ઘોષણાપત્રનો સ્વીકાર કરાયો હતો, જે મુજબ સ્વીકારવામાં આવ્યું કે નશાકારક ડ્રગ્સની તસ્કરીક્ષેત્રની શાંતિ તથા સુરક્ષા સામે પડકારજનક છે અને એક સુનિયોજીત ગૂનાહિત કૃત્ય તથા આતંકવાદની પ્રેરણા સમાન છે.

→ આ બાબતને ગંભીરતાપૂર્વક હાથ ધરીને ડ્રગ્સ તથા સંબંધિત ગૂનાઓની નાબૂદી માટે કાર્યરત UN Office on Drugs and Crime(UNODC) સંલગ્ન કાર્યો કરવાનો સંકલ્પ પણ લેવાયો.

### 26) હિંદ મહાસાગર તટીય ક્ષેત્રિય સહયોગ સંગઠન (IOR-ARC Indian Ocean Rim Association for Regional co operation) :–

→ IOR-ARC એ હિંદમહાસાગર સાથે પોતાની ભૌગોલિક સીમા ધરાવતા હોય એવા દેશોનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે.

→ આ સંગઠન ત્રિઆયામી સંગઠન છે, જેમાં સદસ્ય દેશોના સરકારી પ્રતિનિધિઓ, ઉદ્યોગપતિઓ અને શૈક્ષણિક લોકો દ્વારા ભાગીદારી નોંધાતી હોય છે.

→ સંગઠનની રચના માર્ચ 1995માં મોરિશસ ખાતે થઈ હતી. IOR-ARCનું સંકલનકર્તા સચિવાલય મોરિશસના ઈબેને ખાતે આવેલું છે.

→ આ સંગઠન આર્થિક વિકાસ માટે ખુલ્લા ક્ષેત્રવાદને સમર્થન આપે છે. આ સંગઠન વેપાર સુવિધાઓ, રોકાણ પ્રોત્સાહનને પ્રેરે છે.

→ IOR-ARCમાં હાલમાં 20 દેશો છે જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **ભારત** | **ઈન્ડોનેશિયા** | **કેન્યા** |
| **બાંગ્લાદેશ** | **ઓસ્ટ્રેલિયા** | **તંઝાનિયા** |
| **શ્રીલંકા** | **મોરિશસ** | **યમન** |
| **સેશલ્સ** | **મડાગાસ્કર** | **ઓમાન** |
| **થાઈલેન્ડ** | **કોમોરોસ** | **ઈરાન** |
| **સિંગાપુર** | **દક્ષિણ આફ્રિકા** | **યુનાઈટેડ અરબ અમિરાત** |
| **મલેશિયા** | **મોઝામ્બિક** | |

GK Master 9537627593

**27) ઓર્ગેનાઈઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ (OPEC- Organisation of the petroleum exporting Countries) :-**

→ ઓપેક પેટ્રોલિયમ ઉત્પાદક દેશોનું બનેલું એક પ્રભાવશાળી સંગઠન છે, જેની સ્થાપના ઈ.સ 1961માં ઈરાકના બગદાદ શહેર ખાતે થઈ હતી.

→ ઓપેકના સંસ્થાપક સદસ્યોમાં ઈરાન,ઈરાક, કુવૈત, સાઉદી અરબ અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.

→ વર્તમાનમાં ઓપેક સંગઠન 13 સદસ્યોનું બનેલું છે. જેમાં ઉપરોક્ત 5 સદસ્યો ઉપરાંત અલ્જિરિયા, અંગોલા, ઈક્વાડોર ગેબોન, લિબિયા, નાઈઝિરીયા, કતાર, યુનાઈટેડ આરબ અમિરાત નો સમાવેશ થાય છે.

→ ઓપેકનું મુખ્ય નેતા સાઉદી અરબ છે.

→ ઈ.સ 2015ની સ્થિતિ મુજબ વિશ્વના કુલ ઉત્પાદનમાં ઓપેક સંગઠનની હિસ્સેદારી 42% છે તથા ઓપેક દેશો પાસે વિશ્વનો 73% તેલ જથ્થો રહેલો છે.

→ વિશ્વ રાજનીતિમાં ઓપેક સંગઠન નિર્ણાયક ભૂમિકા નિભાવતું હોય છે. કારણ કે વિશ્વના મોટા ભાગના દેશો પોતાની ઊર્જા જરૂરિયાતોના સંદર્ભે ઓપેક દેશોના તેલ પર નિર્ભર રહેલા છે. આ સંગઠને USAના એક તરફી નિર્ણયોનો વિરોધ કરવા પોતાની 'ઓઈલ ડિપ્લોમસી' ઘણી વખત અમલમાં મૂકી છે.

→ નોંધ :– OPECનું વડુંમથક ઓસ્ટ્રિયાના વિયેના શહેરમાં સ્થિત છે.

**28) એશિયા–પેસિફિક આર્થિક સહયોગ (APEC Asia Pacific Economic Cooperation) :–**

→ પસિફિક મહાસાગર સાથે સમુદ્રી સીમા ધરાવતા હોય એવું ક્ષેત્રિય સંગઠન અપેક ઈ.સ 1989માં અસ્તિત્વમાં આવ્યું છે.

→ અપેકની સ્પષ્ટ શબ્દોમાં ક્ષેત્રિય આર્થિક મંચ(Regional Economic Forum) કહી શકાય.

→ અપેકના કુલ 21 સદસ્યોમાં નીચેના દેશોનો સમાવેશ કરી શકાય.

| | | |
|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | હોંગકોંગ | મેક્સિકો |
| રશિયા | બ્રુનેઈ | ઈન્ડોનેશિયા |
| ન્યુઝિલેન્ડ | સિંગાપુર | કેનેડા |
| જાપાન | પાપુઆ ન્યૂગિની | તાઈવાન |
| ચિલી | દક્ષિણ કોરિયા | પેરૂ |
| થાઈલેન્ડ | ચીન | મલેશિયા |
| ફિલિપાઈન્સ | સંયુક્ત રાજ્ય અમેરિકા | વિયતનામ |

→ નોંધ :– ભારત અપેકનું સદસ્ય નથી.

→ અપેકનું સચિવાલય સિંગાપુર ખાતે આવેલ છે.

→ અપેક સંગઠનના દરેક સદસ્ય દેશને નીતિ નિર્માણ કે નિર્ણય પ્રક્રિયામાં એકસમાજ દરજ્જો મળે છે તથા અંતિમ નિર્ણય સર્વ સમંતિથી લેવામાં આવે છે.

→ સદસ્ય દેશો પર અપેકના નિર્ણયો બંધનકર્તા હોતા નથી.

→ અપેક સંગઠન સદસ્ય દેશોની અર્થવ્યવસ્થાઓને મજબૂતી મળે તથા આર્થિક સમૃધ્ધિનો લાભ જુદા–જુદા વર્ગોને મળે તે માટે ડિઝિટલ સ્કીલ ટ્રેનિંગ ઊર્જા ક્ષમતામાં વધારો, આતંકી ઘટનાઓની નાબૂદી, આપત્તિ વ્યવસ્થાપન જેવા વિવિધ કાર્યો કરે છે.

GK Master 95376 27593

**29) ઈસ્ટ એશિયા સમિટ (EAS) :-**

→ ઈસ્ટ એશિયા સમિટ એ ઈ.સ 2005થી રચાયેલું એક ચર્ચામંચ(Forum) છે.

→ તેમાં આસિયાન સંગઠનના 10 સદસ્યો ઉપરાંત અન્ય 8 ભાગીદારો ચર્ચામાં ભાગ લેતા હોય છે. કુલ 18 સદસ્યો છે.

→ વાર્ષિક ધોરણે ઈસ્ટ એશિયા સમિટનું આયોજન આસિયાનના સંમેલન બાદ થતું હોય છે.

→ આસિયાન દેશો 10 સિવાય અન્ય સદસ્યોમાં ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, સંયુક્ત રાજ્ય અમેરિકા તથા રશિયાનો સમાવેશ થાય છે.

→ ભારત નું સંસ્થાપક સદસ્ય છે.

→ EASની શરૂઆત બાદ પૂર્વ એશિયાઈ ક્ષેત્રના રણનીતિક, ભૂરાજનૈતિક અને આર્થિક ઉત્પાદનમાં એક કારગરમંચ સાબિત થઈ રહ્યુ છે.

→ 2106માં EASની 11મી બેઠક લાઓસના વિએન્ટાઈન ખાતે યોજાઈ હતી.

**30) આસિયાન (ASEAN - Association of South East Asian Nations) :-**

→ દક્ષિણ પૂર્વ એશિયાના 10 દેશોનું ક્ષેત્રિય સહયોગ માટેનું આ સંગઠન 8 ઓગસ્ટ 1967ના રોજ અસ્તિત્વમાં આવ્યું.

→ આસિયાન ઘોષણાપત્રને બેન્કોક ઘોષણાપત્ર પણ કહે છે.

→ આસિયાન એક ક્ષેત્રિય સંગઠન છે કે જે આંતર સરકારી સહયોગ તથા સદસ્ય દેશો વચ્ચે આર્થિક સંકલનને પ્રોત્સાહન આપે છે.

→ આસિયાનનું સૂત્ર : **'એક દ્રષ્ટિ, એક ઓળખ એક સમુદાય'**

→ આસિયાનના 10 સદસ્યો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| બ્રુનેઈ | ઈન્ડોનેશિયા | મલેશિયા |
| કમ્બોડિયા | લાઓસ | મ્યાનમાર |
| વિયેતનામ | ફિલિપાઈન્સ | સિંગાપુર |
| થાઈલેન્ડ | | |

→ આસિયાનના સંસ્થાપક સદસ્યો : મલેશિયા, ઈન્ડોનેશિયા, સિંગાપુર, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ.

→ આસિયાનનું સચિવાલય જર્કાતા(ઈન્ડોનેશિયા)માં આવેલું છે.

→ ભારતીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 14મી આસિયાન–ઈન્ડિયા સમિટમાં ભાગ લીધો હતો.

**31) શાંઘાઈ સહયોગ સંગઠન (SCO- Shanghai Cooperation Organisation) :-**

→ શાંઘાઈ સહયોગ સંગઠન એક યુરેશિયન(યુરોપ, એશિયાઈ દેશોથી બનેલું રાજકીય, આર્થિક અને સૈન્ય સંગઠન છે.

→ શાંઘાઈ સહયોગ સંગઠનની સ્થાપના ઈ.સ 1996માં 5 દેશો ચીન, રશિયા, કઝાખસ્તાન, કિર્ગીસ્તાન, તાજિકિસ્તાન દ્વારા ચીનના શાંઘાઈ શહેરમાં શાંઘાઈ 5 નામથી થઈ હતી.

→ ઈ.સ 2001માં આ સંગઠન શાંઘાઈ 5માં એક નવો સદસ્ય દેશ ઉઝબેકિસ્તાન જોડાતા સંગઠનનું નામ શાંઘાઈ સહયોગ સંગઠન(SCO) રાખવામાં આવ્યું.

→ શાંઘાઈ સહયોગ સંગઠનનું મુખ્યાલય ચીનના બીજીંગ શહેરમાં આવેલું છે.

→ આ સંગઠનને NATO (North Atlantic Treaty Organisation)ને પ્રતિઉત્તર સ્વરૂપનું સંગઠન માનવામાં આવે છે.

→ જુલાઈ 2015માં ભારત અને પાકિસ્તાનનો SCOના કાયમી સદસ્યો તરીકેનો સ્વીકાર કરાયો છે.

GK Master 9537627593

→ અફઘાનિસ્તાન, બેલારૂસ, ઈરાન તથા મંગોલિયાને અવલોકનકર્તાનો દરજ્જો મળેલ છે.

## 32) બિમ્સટેક (BIMSTEC- Bay of Bengal Initiative for Multi Sectoral Technical and Economic Co-operation) :-

→ બિમ્સટેક સાત દેશોનું બનેલું એક આંતરરાષ્ટ્રીય સંગઠન છે, જેમાં દક્ષિણ એશિયાના 5 દેશો તથા દક્ષિપ પૂર્વ એશિયાના 2 દેશોનો સમાવેશ થાય છે. આ દેશો સામાન્ય રીતે બંગાળની ખાડી સાથે સંબંધિત છે.

→ બિમ્સટેકની સ્થાપના ઈ.સ 1997માં થઈ હતી. જેને બેન્કોક ઘોષણાપત્ર પણ કહે છે.

→ બિમ્સટેકનું મુખ્યાલય ઢાકાં(બાંગ્લાદેશ) ખાતે આવેલું છે.

→ બિમ્સટેકમાં નીચેના સદસ્યોનો સમાવેશ થાય છે.

→ દક્ષિણ એશિયાઈ દેશો : **ભારત, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ તથા શ્રીલંકા**

→ દક્ષિણ પૂર્વિ એશિયાઈ દેશો : **મ્યાનમાર તથા થાઈલેન્ડ**

→ બિમ્સટેકનો મૂળ ઉદ્દેશ ટેકનોલોજીકલ અને આર્થિક સહયોગ સ્થાપીત કરીને વિકાસ સાધવાનો છે.

→ બિમ્સટેક દેશો વિશ્વની કુલ આબાદી પૈકી 22 આબાદી ધરાવે છે.

## 33) બ્રિક્સ (BRICS) :-

→ બ્રિક્સ 2009થી અસ્તિત્વમાં આવેલું 5 દેશોનું એક પ્રગતિશીલ સંગઠન છે. BRICS તેના પાંચેય સદસ્ય દેશોના નામના પ્રથમ અક્ષરોથી બનેલું ટૂંકાક્ષરી નામ છે.

→ BRICSના પાંચ દેશોમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે.

→ ઈ.સ 2001માં ગોલ્ડમેન સેશના તત્કાલીન ચેરમેન જિમ ઓ' નિલએ ચાર ઉભરતી અર્થવ્યવસ્થાઓ બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનના સહયોગની સંકલ્પના "BRIC" તરીકે પોતાના પ્રકાશન Building Better Global Economic BRICમાં રજૂ કરી હતી.

→ 16 જૂન 2009ના રોજ રશિયાના 'યેકાતેરિનબર્ગ' ખાતે BRICની પ્રથમ બેઠકનું આયોજન થયું હતું.

→ ઈ.સ 2010માં સંગઠનના પાંચમાં સદસ્ય તરીકે દક્ષિણ આફ્રિકાનો સમાવેશ કરાતા BRICનુ નામું BRICS બન્યું.

→ BRCSના તમામ પાંચેય દેશો પ્રમુખ વિકાશશીલ દેશો(નવા ઉભરતા ઔદ્યોગિક દેશો) છે.

→ તમામ પાંચેય દેશો G-20(Group of 20)ના સદસ્યો છે.

→ મે 2017 સુધીમાં BRICSના કુલ 8 શિખર સંમેલનો આયોજીત થઈ ચૂક્યા છે જે નીચે મુજબ છે.

| **સંમેલન** | **વર્ષ** | **સ્થળ** | **નોંધનીય બાબત** |
|---|---|---|---|
| પહેલું | 2009 | યેકાતેરિનબર્ગ (રશિયા) | |
| બીજું | 2010 | બ્રાસિલિયા (બ્રાઝિલ) | |
| ત્રીજું | 2011 | સાન્યા(ચીન) | |
| ચોથું | 2012 | નવી દિલ્હી (ભારત) | BRICS દેશો વચ્ચે ઓપ્ટિકલ ફાઈબર સબમરિન સંચાર માટેનો સહયોગ નિર્ધાર |
| પાંચમું | 2013 | ડરબન (દ.આફ્રિકા) | |
| છઠ્ઠું | 2014 | ફોર્ટેલેઝા (બ્રાઝિલ) | બ્રિક્સ ન્યુ ડેવલપમેન્ટ બેંક તથા બ્રિક્સ કન્ટિન્જન્ટ રિઝર્વ એરેન્જમેન્ટ પર |

GK Master 9537627593

| | | | |
|---|---|---|---|
| | | | સહમતી થઈ. |
| સાતમું | 2015 | ઉફા (રશિયા) | શાંઘાઈ સહયોગ સંઠગન(SCO) સાથે સંયુક્ત સંમેલન. |
| આઠમું | 2016 | ગોવા (ભારત) | બિસ્મટેક (BIMSTEC) સાથે સંયુક્ત સંમેલન. |

**બ્રિક્સનું 8મું સંમેલન–ગોવા(ભારતમાં) :**

→ ગોવા ખાતે ભારતની અધ્યક્ષતા હેઠળ ઓક્ટોબર 2016માં આયોજીત બ્રિક્સના 8માં સંમેલન દરમિયાન ભારતે પ્રભાવકારી ભૂમિકા નિભાવી છે.

→ આ સંમેલનમાં બિસ્મટેક દેશોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

→ સંમેલનના અંતે જાહેર કરાયેલા 'ગોવા ઘોષણપત્ર'માં નીચેની અગત્યની બાબતોનો સમાવેશ કરાયો હતો.

→ આતંકવાદની સખત નીદા કરવામાં આવી હતી તેમજ તેને આશરો તથા પ્રશ્રય આપનારા દેશોને આંતરરાષ્ટ્રીય રાજનીતિથી વિખૂટા પાડવા અંગે પણ ચર્ચાઓ થઈ હતી.

→ ગોવા ઘોષણાપત્રમાં ISIS, અલ કાયદા તથા જુબહત–ઉલ–નૂસરા આતંકી સંગઠનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

→ આતંકવાદને નાથવા માટે BRICS દેશોએ સંયુક્ત રાષ્ટ્રસંઘના માધ્યમથી પ્રયાસોને પ્રબળ બનાવવાની માંગ કરી. જેમાં સંયુક્તરાષ્ટ્ર સુરક્ષા પરિષદ(UNSC)માં સુધાર તથા વિસ્તારનો મુદ્દાનો પણ સામેલ હતો અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના માધ્યમથી આંતરરાષ્ટ્રીય આતંકવાદને નાબૂદ માટે 'આંતરરાષ્ટ્રીય આતંકવાદ પર વ્યાપક સંમેલન'(Comprehensive Convention on International Terrorism-CCIT તૈયાર કરવાની માંગ પણ રજૂ કરી.

→ ગોવા સંમેલન–2016ની થીમ : **જવાબદાર, સમાવેશી તથા સામૂહિક સમાધાનો મેળવવા.**

**34) સાર્ક (SAARC) :-**

→ દક્ષિણ એશિયાના વિકાસશીલ આઠ ભૌગોલિક પાડોશી દેશોથી બનેલા આ સંગઠનનો પ્રમુખ દેશ ભારત છે.

→ SAARCનું પૂરું નામ South Asian Association for Regional Cooperation છે. જેને દક્ષિણ એશિયાઈ ક્ષેત્રિય સહયોગ સંગઠન પણ કહે છે.

→ SAARCના આઠ સદસ્ય દેશોમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે.

| | | |
|---|---|---|
| ભારત | નેપાળ | ભૂટાન |
| શ્રીલંકા | બાંગ્લાદેશ | પાકિસ્તાન |
| અફઘાનિસ્તાન | માલદીવ | |

→ સાર્કની સ્થાપના 8 ડિસેમ્બર 1985ના રોજ બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં થઈ હતી. સાર્કનું સચિવાલય નેપાળની રાજધાની કાઠમંડુમાં સ્થિત છે. જેની જવાબદારી સાર્કની વિવિધ પ્રવૃતિઓની પ્રગતિની દેખરેખ રાખવાની છે.

→ સાર્ક સંગઠનમાં હાલ કુલ નવ સદસ્યોને અવલોકનકર્તાનો દરજ્જો આપવામાં આવેલ છે. જેમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે : ઓસ્ટ્રેલિયા, ચીન, ઈરાન, જાપાન, મોરેશિયસ, મ્યાનમાર, દક્ષિણ કોરિયા, સંયુક્ત રાજ્ય અમેરિકા તથા યુરોપીય સંગઠન.

→ સાર્ક વિશ્વના અન્ય બહુપક્ષીય સંગઠનો સાથે વિવિધલક્ષી સંબંધો ધરાવે છે.

→ SAARC પોતે UNO માં અવલોકનકર્તા તરીકેનો દરજ્જો ધરાવે છે.

→ સાર્ક સંગઠનની સ્થાપના સમયે પ્રતિવર્ષ એક શિખર સંમેલનના આયોજન માટેની અભિવ્યક્તિ રજૂ

GK Master 9537627593

કરવામાં આવી હતી, પણ શરૂઆતના થોડા વર્ષ સુધી એ ક્રમ જળવાયેલો રહ્યો. આગળ જતા સાર્કના શિખર સંમેલનોમાં ઘણી વખત નિયમિતતા જળવાઈ નથી.

→ સાર્કનું અત્યાર સુધીનું (મે, 2017 સુધીનું) અંતિમ શિખર સંમેલન 26–27 નવેમ્બર 2014 દરમિયાન કાઠમંડુ ખાતે યોજાયેલ 18મું શિખર સંમેલન હતું.

→ 19મું શિખર સંમેલન 9–10 નવેમ્બર 2016 દરમિયાન પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં આયોજિત થવાનું હતું પણ જમ્મુ કશ્મીરના ઉરી ખાતે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી હુમલાની ઘટના બનતા નેપાળે 19મું સાર્ક સંમેલન સ્થગિત કરવાની જાહેરાત કરી. આ સંમેલન ભારતના પ્રભાવથી રદ થયું હતું.

→ નેપાળમાં આયોજિત 18માં સાર્ક શિખર સંમેલન દરમિયાન ભારતીય વડાપ્રધાને SAARC સંગઠનના 8 દેશોને સંચાર તથા પ્રસારણ સુવિધા સરળતાપૂર્વક મળી રહે તે માટે 'સાર્ક સેટેલાઈટ' ભારતના સ્વખર્ચે તૈયાર કરવાની રજૂઆત કરી હતી.

→ પાકિસ્તાન સિવાયના અન્ય સાર્ક દેશોએ આ પહેલનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

→ ભારતીય વડાપ્રધાન આ પહેલના અનુસંધાનમાં ISROએ દક્ષિણ એશિયાઈ દેશો માટે GSAT-09 તૈયાર કર્યો અને 5 મે 2017ના રોજ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેના સતીષ ધવન સ્પેસ સેન્ટર પરથી GSLV MK-2ની મદદથી પ્રક્ષેપિત કર્યો.

→ GSAT-09નું દળ 2230 Kg છે તથા તેનું મુખ્ય કાર્ય 12 Ku ટ્રાન્સપોન્ડર્સની મદદથી સંચાર વ્યવસ્થા સ્થાપિત કરવાનું છે.

→ નોંધ : SAARC સંગઠનના કાયમી સદસ્ય તરીકે સૌથી છેલ્લે જોડાયેલો(આઠમો) દેશ અફઘાનિસ્તાન(2007) હતો.

→ સાર્કનો સૌથી વધુ પ્રભાવશાળી દેશ ભારત છે. સાર્કના એજન્ડા નિર્માણમાં તેમજ શિખર સંમેલનોમાં ભારત અને પાકિસ્તાનના દ્રષ્ટિકોણનો ટકરાવ થવો એ ઘણી સામાન્ય બાબત બની ચૂકેલી છે. SAARCની સ્થાપના બાદ ત્રણ દાયકાઓ પસાર થયા હોવા છતા પણ સાર્ક કોઈ વિશેષ પ્રગતિઓ નથી સાધી તેની પાછળનું કારણ સદસ્ય દેશોનો પરસ્પર ટકરાવ જવાબદાર છે.

→ સાર્ક શિખર સંમેલન કયાં કયાં યોજાયું તેની યાદી :

| વર્ષ | દેશ |
|---|---|
| 1985 | ઢાકા |
| 1986 | બેંગલુરૂ |
| 1987 | કાઠમંડુ |
| 1988 | ઈસ્લામાબાદ |
| 1990 | માલે |
| 1991 | કોલંબો |
| 1993 | ઢાકા |
| 1995 | નવી દિલ્હી |
| 1997 | માલે |
| 1998 | કોલંબો |
| 2002 | કાઠમંડુ |
| 2004 | ઈસ્લામાબાદ |
| 2005 | ઢાકા |
| 2007 | નવી દિલ્હી |
| 2008 | કોલંબો |
| 2010 | થિમ્પુ |
| 2011 | અડ્ડુ |
| 2014 | કાઠમંડુ |

Master Mind
GK MASTER
Shyamkumar Parmar
Add Whatsapp no.
95376 27593

GK Master 95376 27593